સ્વર્ણિમ પાર્ક - જાન્યુઆરી-૨૦૧૩માં ગાંધીનગર ખાતે વાયબ્રન્ટ સમિટ યોજાવાની છે. સમિટની તૈયારી રૂપે મહાત્મા મંદિર અને સચિવાલય વચ્ચેના સ્વર્ણિમ પાર્કને સજાવવામાં આવી રહ્યો છે. લેન્ડસ્કેપીંગ સહિત અનેક નાવિન્યપૂર્ણ આયોજન હાથ ધરાયા છે. ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરી મહાત્મા મંદિરને આકર્ષણનું કેન્દ્ર બનાવવા રાતદિવસ પ્રયાસો ચાલી રહ્યા છે. **(તસવીર : દિપક જાની)**

મેટ્રો રેલ પ્રોજેક્ટ સંદર્ભે યુટીલીટી સર્વે શરૂ કરાયો

મેટ્રો રેલના ટ્રેકમાં પથરાયેલી પાણી, ગટર, વિજળી સહિતની લાઈનોનો અભ્યાસ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૬

અન્વયે મેટ્રો ગુજરાત ઓથોરીટી દ્વારા ટ્રેકમાં આવતાં નડતરો અંગે જાણકારી મેળવવા સર્વે શરુ કરી દેવાયો છે. શહેરમાં પથરાયેલી પાણી, ગટર, વિજળી અને ગેસ લાઈનનું લોકેશન ચકાસી મેટ્રોના ટ્રેકને ધ્યાને લઈ જરુરી ફેરફાર પણ હાથ ધરવામાં આવશે.

માર્ગ મકાન વિભાગના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર મેટ્રો ગુજરાત ઓથોરીટી દ્વારા વિવિધ વિભાગોનો સહયોગ મેળવી મેટ્રો ટ્રેક સંદર્ભે જરુરી જાણકારી મેળવવા પ્રાથમિક સર્વે શરુ કરી દેવાયો છે. મેટ્રો રેલ શહેરના મોટા ભાગના સેક્ટરોમાંથી પસાર કરવામાં આવનાર છે. ત્યારે ટ્રેકના રૂટ પરથી તમામ પ્રકારની યુટીલીટીઝની લાઈન અન્યત્ર ખસેડવાની અનિવાર્યતા ઉભી થઈ છે.

ગિફ્ટ સિટીની યોજનાના પગલે મેટ્રો ટ્રેનને ત્યાં સુધી પહોંચાડવાનો નિર્ણય લેવાયા પછી સરકારની બીજી મોટી યોજના મહાત્મા મંદિર જાહેર થતાં મેટ્રો ટ્રેનને અક્ષરધામ થઈને ત્યાં સુધી લઈ જવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના પગલે મેટ્રોના રૂટમાં શહેરના મહત્વના અન્ય સ્થળોને પણ સાહજીક રીતે જોડી

મેટ્રો રેલ પ્રોજેક્ટ યોજના વિવિધ વિભાગોના સહયોગથી મેટ્રો

● અનુસંધાન પાન-૭ પર

બાઈક માટે ૯૦૯૪ નંબર ખરીદવા રૂ. ૩૧,૭૭૭ ચુકવાયા

ટુ-વ્હીલરની નવી સિરિઝ માટે નંબરોની હરાજીમાં આર.ટી.ઓએ રૂ. ૨.૮૦ લાખની આવક કરી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી દ્વારા ટુ વ્હીલર માટે શરુ કરાયેલી નવી સિરીઝ જી.જે. ૧૮ સી.સી. અન્વયે પસંદગીના નંબરો માટે હાથ ધરાયેલ હરાજીની પ્રક્રિયાના અંતે આરટીઓએ

રૂ. ૨.૮૦ લાખની આવક કરી છે. જેમાં પસંદગીના ૯૦૯૪ નંબર માટે સૌથી વધુ ૩૧૭૭૭ ચુકવાયા હોવાનું ધ્યાને આવ્યું છે.

આરટીઓ કચેરી દ્વારા થોડા સમય અગાઉ ફોર વ્હીલર માટે શરુ થયેલ નવી સિરીઝના અંતે પણ પસંદગીના નંબર માટે વાહનચાલકોએ લાખો રૂપિયા ચુકવી ન્યુમેરોલોજી માટેનો પોતાનો ક્રેઝ દાખવ્યો હતો. જી.જે.૧૮ના રૂઆબદાર પાસીંગ સાથે પસંદગીના નંબર મેળવવાનો ક્રેઝ યુવાનોમાં એટલો બધો વધી ગયો છે કે ચોકકસ આંકડાના નંબર માટે મોટી રકમ ચુકવાતા પણ ખચકાટ અનુભવતા નથી. આર.ટી.ઓ. કચેરી દ્વારા ટુ વ્હીલર માટે નવી શરુ થયેલી જીજે ૧૮ સી.સી.ની સિરીઝ માટે પસંગીના નંબરને અનુલક્ષી હરાજીની પ્રક્રિયા યોજવામાં આવી હતી. આ હરાજી અન્વયે આર.ટી.ઓ. કચેરીને ૧૫૪ અરજીઓ મળી હતી. જેમાં ૯૦૯૪ નંબર માટે વાહન માલિકે રૂ. ૩૧,૭૭૭ ચુકવ્યા હતા. ૧૪૩ નંબર માટે રૂ. ૧૨,૧૪૩ જયારે નંબર ૧ માટે રૂ. ૨૧,૧૧૧ ની કિંમત ચુકવવામાં આવી હતી. આ ઉપરાંત ૮૮૮૮માટે રૂ. ૧૦,૦૦૦, ૯૯૯ માટે ૧૦,૧૨૦ તેમજ જી.જે. ૧૮ના પાસિંગમાં બંધ બેસતાં અને નવનો આંક ૧૮૧૮ નંબર માટે રૂ. ૩૦૦૦ની ઉંચી રકમ ભરપાઈ કરવામાં આવી હતી. જયારે ચાર પંજા અને ચાર એક્કા માટે પણ સાડા ચારથી સાડા પાંચ હજારની ખરીદ રકમ પહોંચી હતી.

પ્રાથમિક સુવિધાઓના અભાવની સમસ્યાઓનો સામનો કરી રહેલુ ગામ બાસણ

પાટનગરમાં સમાવેશ પામેલું બાસણ ગામ શહેર જેવી સુવિધાઓ ઝંખે છે

ગાંધીનગર, તા. ૨૬

ચૂંટણી નજીક છે ત્યારે પાટનગરમાં સમાવેશ પામેલા ગામોની મુલાકાત અમારા પ્રતિનિધિ રોજબરોજ લઈ રહ્યા છે. સાબરમતી નદીના કિનારે વસેલા બાસણ ગામની સમસ્યાઓ પણ અન્ય ગામો કરતાં ભિન્ન નથી. આ ગામ પ્રાથમિક સુવિધાઓ ઝંખતુ પાટનગર તરફ આશાની મીટ માંડીને બેઠું છે.

આ છે ગાંધીનગરની સમસ્યાઓનું મહાપુરાણ (૬)

જયાંથી આખા ગુજરાતના વિકાસની વાતો થાય છે તેવા પાટનગરથી માંડ બે-પાંચ કિલોમીટર દૂર એવા શહેરનો જ એક ભાગ ગણાતા ગ્રામ્ય વિસ્તારોની હાલત અત્યંત દયનીય છે. સેક્ટરોના વસાહતીઓ વીઆઈપી સુવિધાઓ મેળવી રહ્યા છે ત્યારે આ ગ્રામ્ય વિસ્તારો પ્રાથમિક સુવિધાઓથી પણ વંચિત છે. સાબરમતી નદીના કિનારે વસેલા બાસણ ગામની સ્થિતિ અન્યોથી અલગ નથી જ. બાસણ ગામના જીલુભા વાઘેલા ગામની સમસ્યાઓ તરફ પ્રકાશ ફેંકતા જણાવે છે કે ગામમાં સુવિધાઓ વધારવાનો પ્રયાસ કરાયો છે પરંતુ તેનું કામ એટલુ મંથર ગતિએ ચાલી રહ્યું છે કે હવે તો ગ્રામજનો તેનાથી તંગ આવી ગયા છે. છેલ્લા બે વર્ષથી ગામમાં ગટરનું કામકાજ ચાલી રહ્યું છે તે પૂર્ણ થાય તેની ગ્રામજનો રાહ જોઈ રહ્યા છે. ગટરના કામના કારણે ગામોની માર્ગોની હાલત પણ અત્યંત બિસ્માર બની છે. આ પ્રશ્નનો જલ્દી ઉકેલ આવે તેવું સૌ કોઈ ઈચ્છી રહ્યા છે. ગેસની પાઈપલાઈન નાંખવાનું કામ પણ જલ્દી શરૂ થાય તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. ગટર અને ગેસની પાઈપલાઈનનું કામ પૂર્ણ થાય તે પછી જ રોડનું કામ શરૂ કરવું જોઈએ.

ગામથળની જમીનનો અભાવ પણ જોવા મળે છે. સરકારી જમીન છે પરંતુ ગામને તે આપવા સરકાર રાજી નથી. બાસણ ગામના અનેક ખેડૂતોની જમીન ગાંધીનગર શહેર માટે સંપાદિત કરવામાં આવી છે પરંતુ અસરગ્રસ્ત ખેડૂતોને દાયકાઓ બાદ પણ યોગ્ય લાભ મળ્યા નથી.

સ્વાસ્થ્યની સમસ્યાઓ અવારનવાર ગામને ઘેરી લે છે. ગામમાં જે પાણીની પાઈપલાઈન છે તેમાં લીકેજ હોવાથી રોગચાળાનો પ્રશ્ન વારંવાર ઉદ્‌ભવે છે. આ પ્રશ્ન અંગે અનેકવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં તેનો ઉકેલ આવતો નથી.

નવેમ્બર માસમાં ગાંધીનગરમાં વિક્રમ ઠંડી

છેલ્લા પાંચ વર્ષનો રેકોર્ડ ઠંડીએ તોડ્યો : ૧૨.૨ ડિગ્રી સાથે ૨૪મી નવેમ્બર અત્યાર સુધી મોસમનો સૌથી ઠંડો દિવસ

ગાંધીનગર, તા. ૨૬

આ વર્ષે ઠંડી અગાઉના વર્ષોના રેકોર્ડ તોડશે તેવુ લાગી રહ્યું છે. નવેમ્બર માસ દરમ્યાન પડતી ઠંડીનો છેલ્લા પાંચ વર્ષનો રેકોર્ડ ૧૨.૨ ડિગ્રી સાથે તુટ્યો છે.

રાજ્યમાં ગાંધીનગર ઠંડીમાં બીજા સ્થાને રહ્યું હતું.

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં ધીમે ધીમે ઠંડીની જમાવટ થઈ રહી છે. શિયાળાના તેવર આ વર્ષે તીખા છે. જેમ જેમ ડિસેમ્બર માસ નજીક આવતો જાય છે તેમ તેમ ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. નવેમ્બર માસમાં જે પ્રકારે ઠંડી પડી રહી છે તે જોતાં આગામી દિવસોમાં ગાંધીનગરમાં ગાત્રો થીજવી દે તેવી ઠંડી પડશે. ડિસેમ્બર માસ વધુ આકરો જશે તેવી આગાહી હવામાનશાસ્ત્રીઓ કરી રહ્યા છે. આ વર્ષે ૨૪મી નવેમ્બરે ૧૨.૨ ડિગ્રી નોંધાઈ હતી. જે છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સૌથી ઓછી છે. ૨૦૦૭માં ૨૬મી નવેમ્બરે ૧૨ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. તે પછીના વર્ષોમાં ઠંડી ૧૩ ડિગ્રીથી ઘટી ન હતી. વર્ષ અનુસાર ઠંડીનો પારો જોઈએ તો ૨૦૦૮ના વર્ષમાં ૨૧મી નવેમ્બરે ૧૩ ડિગ્રી, ૨૦૦૯માં ૨૭મી નવેમ્બરે ૧૩ ડિગ્રી, ૨૦૧૦માં ૨૩મી નવેમ્બરે ૧૫.૭ ડિગ્રી અને ૨૦૧૧ના વર્ષમાં ૧૮મી નવેમ્બરે ૧૫.૨ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું. છેલ્લા બે વર્ષ દરમ્યાન તો નવેમ્બર માસમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ત્રણ-ચાર ડિગ્રી વધુ નોંધાતુ હતુ. નવેમ્બર માસમાં ઠંડી પડે છે તેવું તો લોકો ભુલી જ ગયા હતા પરંતુ આ વર્ષે પડી રહેલી ઠંડીએ વસાહતીઓને અત્યારથી જ ગરમ વસ્ત્રોમાં ઘુમવા મજબુર કરી દીધા છે.

કમુરતા ઉતરતા લગ્નસરાનો પ્રારંભ

૨૮-૨૯ નવેમ્બર અને ૭-૮-૯ ડિસેમ્બરે ધુમ લગ્નો : તમામ પાર્ટીપ્લોટ-લગ્નવાડીઓ બુક

ગાંધીનગર, તા. ૨૬

દેવઉઠી અગિયારસની ઉજવણી સાથે જ કમુરતાનો અંત આવ્યો છે. તુલસી વિવાહની સાથે જ લગ્નસરાને પ્રારંભ થયો છે. હવે આખા ડિસેમ્બર માસ દરમ્યાન લગ્નોની સિઝન જામશે.

કારતક સુદ એકાદશી એટલે કે દેવઉઠી એકાદશીની ઉજવણી આપણે દેવ દિવાળી તરીકે કરીએ છીએ. આ દિવસે કમુરતા ઉતરે છે અને ઠેર ઠેર તુલસી વિવાહ યોજાયે છે. તુલસી વિવાહની સાથે જ લગ્નની સિઝન જામી છે. આગામી ૨૮ અને ૨૯ નવેમ્બરના રોજ ગાંધીનગરમાં



ઘણા લગ્નો યોજાશે. તે પછી આખુ ડિસેમ્બર મારા લગ્નનો માહોલ જામશે. ૨૮ અને ૨૯ નવેમ્બર પછી તા. ૭-૮ અને ૯ ડિસેમ્બરના રોજ શહેરમાં મહત્તમ લગ્નો છે. ડિસેમ્બર માસમાં યોજાનારા લગ્નોની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. શહેર અને તેની આસપાસ આવેલા તમામ પાર્ટીપ્લોટ અને લગ્નવાડીઓ લગ્નસમારંભો અને સત્કાર સમારંભો માટે બુક થઈ ગયા છે. અત્યાર સુધી એકદમ નવરા બેઠેલા મંડપ ડેકોરેટર્સ અને કેટરર્સવાળાઓ ઓર્ડર બુકીંગમાં વ્યસ્ત બન્યા છે. બજારોમાં પણ લગ્નસરાની ખરીદીનો માહોલ જામી રહ્યો છે. વસ્ત્રો અને ઘરેણાંની ખરીદી તેજ બની છે.

જો કે ચૂંટણીમાં ઝંપલાવનારા ઉમેદવારો અને કાર્યકરો લગ્નસરાની મૌસમથી થોડાક ચિંતિત બન્યા છે. ચૂંટણી પ્રચારની પરાકાષ્ટા સમયે જ પૂરબહારમાં ખીલેલો લગ્નગાળો મુશ્કેલી સર્જી શકે તેમ છે. લગ્નગાળાના કારણે ગ્રુપ મીટીંગો અને જાહેર સભાઓમાં મેદની એકઠી કરવી ભારે મુશ્કેલ છે. રાષ્ટ્રીય નેતાઓની જાહેરસભાઓ અને મીટીંગોની તારીખ નક્કી કરવામાં લગ્નગાળો મુશ્કેલી સર્જી શકે છે.

નવા શૌચાલયો પાછળ અડધો કરોડ ખર્ચાયા બાદ પણ તાળાબંધી

જુના શૌચાલયો ખંડેર : નિર્મળ નગરની સુફિયાણી વાતોના અંતે પાટનગરમાં જ દિવા તળે અંધારું

ગાંધીનગર, તા.૨૬

નિર્મળ નગરની ગુલબાંગો હાંકવામાં સરકારી તંત્ર એ અત્યાર સુધી કયારેય પાછી પાની કરી નથી. પરંતુ અફસોસની વાત એ છે કે નિર્મળ ગુજરાતના અભિયાનની પોકારોના અંતે પણ રાજયના પાટનગરમાં જ આમ નાગરિકો ગંદકીથી ગુંગળાઈ રહ્યા છે. એક બાજુ ખંડેર બનેલા દાયકાઓ જુના શૌચાલયો નિર્મળ નગરની સુફિયાણી વાતોને બેનકાબ કરે છે ત્યારે નવનિર્મિત શૌચાલયો પાછળ અડધા કરોડનું જાણે પાણી ઢોળ થયું હોવાની સ્થિતિ સર્જાઈ છે. ખુલ્લામાં ગંદકી ન થાય તે માટે શહેરમાં જરુરી સ્થળોએ ઉભા કરાયેલા પે એન્ડ યુઝ શૌચાલયો પર વર્ષો પછી પણ તાળાબંધી છે. તંત્રના પાપે શૌચાલયોનું સંચાલન સોંપવાના મુદ્દે પણ કોઈ નિર્ણય લેવાયો નથી. શહેરમાં પાયાની જરુરિયાત ગણાતા શૌચાલયો લાખના ખર્ચ પછી પણ લોક ઉપયોગી થઈ શકયા નથી. આવા સંજોગોમાં ખુલ્લામાં શૌચક્રિયાઓ થતાં પાટનગરમાં રહિશોને ઘર આંગણે જ ગંદકીથી ગુંગળાવાનો વારો આવ્યો છે.

શહેરના સેકટરમાં દાયકાઓ પૂર્વે જરુરી સ્થળોએ જાહેર શૌચાલયો બનાવાયા હતા. પરંતુ સમય જતાં શૌચાલયોની દરકાર ન લેવાતા ખંડેર શૌચાલયોમાં હવે ખદબદતી ગંદકી વચ્ચે અનેક દુષણો પ્રાંગરી રહ્યા છે. ખંડેર બનેલા શૌચાલયો આખરે તોડી પાડવા પણ અગાઉ તંત્ર કક્ષાએથી નિર્ણય લેવાયો હતો. પરંતુ સમસ્યાઓનું ઉદભવ સ્થાન બનેલા જાહેર શૌચાલયો સદંતર બિન ઉપયોગી નિવડયા બાદ પણ આ મામલે કોઈ ગતિ વિધી હાથ ધરાતી નથી. અત્યાર સુધી માત્ર ચાર શૌચાલયો તોડી નંખાયા હોવાનું ધ્યાને આવ્યું છે. શહેરમાં અંદાજીત ૨૯ જેટલા જાહેર શૌચાલયો હોવાનો અંદાજ છે. વર્ષ ૨૦૦૭ દરમિયાન નગરમાં ઘ-૫, ઘ-૬, ઘ-૩, સેકટર-૨૮, સેકટર-૩૦ સર્કલ, સેકટર-૯, સચિવાલય બસ સ્ટેન્ડ અને ઘ-૨ સહિતના સ્થળોએ પાટનગર યોજના ભવન દ્વારા પે એન્ડ યુઝ ટોઈલેટ બાંધવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. તબક્કાવાર શૌચાલયો તૈયાર કરવામાં અડધા કરોડથી વધુ રકમનો ખર્ચ થયો હતો પરંતુ શૌચાલયો પાછળ ખર્ચાયેલા નાણાં પાણીમાં ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. નવ વિકસીત વિસ્તારમાં બંધાયેલા શૌચાલયને હજુ પણ તાળું વખાયેલું છે. બીજી તરફ જાહેરમાં શૌચક્રિયા થતાં અસહ્ય દુર્ગંધ વચ્ચે આમ નાગરિકો ગુંગળામણ અનુભવી રહ્યા છે. ખાડે ગયેલા વહીવટ અને નિર્ણય શકિતના અભાવે શૌચાલયના ઉદઘાટનની રાહ જોવાઈ રહી છે. આ સઘળી સ્થિતિ વચ્ચે શૌચાલયોના સંચાલન માટે વિના મુલ્યે જવાબદારી સંભાળવા આગળ આવેલી સંસ્થાઓને પણ તંત્રના કડવા અને ભ્રષ્ટ મિજાજનો પરચો મળતો હોવાનો ગણગણાટ પ્રવર્ત્યો છે. ગાંધીનગર શહેર જેની પેટર્ન મુજબ વિકસાવવામાં આવ્યું છે તેવા ચંદીગઢમાં જાહેર શૌચાલયની સુવિધા નમુનારૂપ છે. તેમજ દિલ્હીમાં પણ ૯૮ શૌચાલયો અને ૪૨ મોબાઈલ ટોઈલેટની વ્યવસ્થા છે. નગરને નિર્મળ બનાવવાની માત્ર સુફીયાણી વાતોમાં જ તંત્રના અધિકારીઓ અને પ્રજાના પ્રતિનિધિઓને રસ હોવાનું માલુમ પડી રહ્યું છે. શૌચાલયના મામલે આર.ટી.આઈ. એકટ હેઠળની મુદતમાં પણ માર્ગ મકાન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહેવાની તસ્દી સુધ્ધાં લેતા નથી ત્યારે પાટનગરની આમ જનતાને સ્પર્શતી આ સમસ્યા નિવારવા સ્થાનિક નેતાઓ અને પ્રજાના પ્રતિનિધિઓ પણ નિંદ્રાધીન રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

મધુર ડેરી, 'ક' રોજ, સેક્ટર-૨૫, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

રી-ટેન્ડર નોટીસ : તા. ૧-૧૨-૨૦૧૨ થી તા. ૩૦-૯-૨૦૧૩ સુધીનો વાર્ષિક ધોરણે કોન્ટ્રાક્ટ આપવાનો છે.

ક્રમ	ટેન્ડરની વિગત	વાહનની સંખ્યા	વાહનનો પ્રકાર	વાહનનું મોડેલ વર્ષ	ટેન્ડર ફોર્મ ફી રૂ. (નોન રીફંડેબલ)	ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ડીપોઝીટ પેટે ભરવાની ડી.ડી.ની રકમ રૂ.
૧	વેટરનરી પરિવહન રૂટનો કોન્ટ્રાક્ટ	૪	મહિન્દ્રા/મેક્સ/માર્શલ /બોલેરો/તવેરા (બંધ બોડી)	વર્ષ-૨૦૧૧ અથવા તેથી ઉંચા મોડેલનું વાહન	૩૦૦૦/- (ત્રણ હજાર)	૩૦,૦૦૦/- (ત્રીસ હજાર)

નોંધ : (૧) ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ અને સમય : તા. ૨૯/૧૧/૨૦૧૨ના રોજ સાંજના ૧૬-૦૦ કલાક સુધી.
(૨) ભરેલા ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં પહોંચાડવાની તારીખ અને સમય : તાય ૩૦/૧૧/૨૦૧૨ના રોજ બપોરના ૧૨-૦૦ કલાક સુધી
(૩) ટેન્ડર ડીપોઝીટનો ડી.ડી. "ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી."ના નામનો બનાવવાનો રહેશે. આવેલ ટેન્ડર /ઓફર/ભાવ સ્વીકારવો કે નહિ તેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર

SANGHI CEMENT
KisaN
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી
FAIR MATE
VIRAT TMT BARS
UTKARSH
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :
શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

બેસણું



અમારા પિતાશ્રી પ્રવિણચંદ્ર કાન્તિલાલ રાવલ નું તા. ૨૬/૧૧/૨૦૧૨ ના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૯/૧૧/૨૦૧૨ ને ગુરૂવારે સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.
પિયર પક્ષ નું બેસણું પણ સાથે રાખેલ છે.
પ૩૧/૨, કોલવડાનગર સોસાયટી, સેક્ટર-૨૮, બગીચા પાસે, ગાંધીનગર
નિપુણ પ્રવિણચંદ્ર રાવલ (પુત્ર) મો. ૯૮૨૫૪૯૨૯૬૧
લિ. નરેન્દ્રભાઈ કાશીલાલ ત્રિવેદી (સાળા)

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com